આંક–

**<u>શ્રી જે.જી. બ્રહ્મભટ, કમિશનરશ્રી, કર્મચારી વળતર ધારા, મજુર અદાલત નં.૩, રાજકોટ સમક્ષ.</u>**

## વ.કો.પરચુરણ અરજી નં.૧૮/૧૭
## ( મુળ વ.કો.(નોન ફેટલ)કેસ નં.૧૦/૧૪ માં)

અરજદાર :– અરવિંદ ઉર્ફે કલ્પેશ પોપટભાઈ પરમાર,
મુ. ગુંદાળા, તાલુકો : ગોડલ,
જીલ્લો : રાજકોટ

<u>વિરુધ્ધ</u>

સામાવાળાઓ :– માલીકશ્રી,
સરસ્વતી ઈન્ડસ્ટ્રીઝ,
જી.આઈ.ડી.સી.–ર, પ્લોટ નં.૧૧,
૮–બી, નેશનલ હાઈવે, જામવાડી, ગોંડલ

વિષય :– કર્મચારી વળતર ધારા ૧૯ર૩ ની કલમ ૩૧ હેઠળની અરજી

———————————————————————————

અરજદાર તરફે :– વિ.વ.શ્રી જે.જે.યાદવ,
સામાવાળા તરફે :– ગેરહાજર

**– <u>: ચુ કા દો:</u>–**

૧ : આ કામના અરજદારે હાલની અરજી સામાવાળા પાસેથી મુળ વ.કો. નોન ફેટલ અરજી નં. ૧૦/૧૪ ના કામે તા.ર–પ–૧૭ ના રોજ થયેલ હુકમ મુજબની મેડીકલ ખર્ચની બાકી રહેલ રકમ વસુલ મેળવવા કર્મચારી વકળતર ધારા હેઠળ ફાઈલ કરેલ છે.

અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદારે સામાવાળા વિરુધ્ધ વ.કો. (નોન ફેટલ) અરજી નં.૧૦/૧૪ થી અરજી દાખલ કરેલી, જે અરજીનું કામ ચાલી જતાં તેમાં નીચે મુજબ હુકમ કરવામાં આવેલો.

-: **હુ ક મ** :-

(૧) આથી આ કામના સામાવાળા નં.૧ અને ૨ નાઓને અરજદારને થયેલ અકસ્માત ઈજાના કારણે આવેલ કાયમી આંશીક અશકતતાના વળતરની રકમ રૂા.૧,૦૦,૯૩૩/- (અંકે રૂપિયા એક લાખ નવસો તેત્રીસ પુરા) અરજી ખર્ચની રકમ રૂા.૨,૦૦૧/- સહીત ચુકવી આપવા માટે સંયુકત અને વિભકત રીતે જવાબદાર ઠરાવવામાં આવે છે.

(૨) આથી સામાવાળા નં.૧ નાને અરજદારે ખર્ચેલ મેડીકલ ખર્ચની રકમ રૂા.૧૧,૨૩૦/- (અંકે રૂપિયા અગીયાર હજાર બસ્સો ત્રીસ) ની રકમ ચુકવી આપવા માટે જવાબદાર ઠરાવવામાં આવે છે.

(૩) આથી આ કામના સામાવાળા નં.૧ અને ૨ ને હુકમ કરવામાં આવે છે કે, આ હુકમની જાણ થયાના દિન–૩૦ માં તેઓએ અરજદારને ચુકવવાપાત્ર થતી વળતરની, અરજી ખર્ચની અને મેડીકલ સારવારના ખર્ચની રકમ અત્રેની કોર્ટમાં જમા કરાવવી.

(૪) સામાવાળા નં.૧ સામે વ્યાજ અને પેનલ્ટીની દાદ અરજદારે સ્વૈચ્છાએ જતી કરેલ હોઈ, અને સામાવાળા નં.૨ વ્યાજ, પેનલ્ટી માટે જવાબદાર થતાં ન હોઈ, તે બાબતે કોઈ હુકમ સામાવાળાઓ વિરૂધ્ધ કરવામાં આવતો નથી.

સામાવાળા નં.૨ દ્વારા વળતરની રકમ રૂા.૧,૦૦,૯૩૩/- તથા અરજી ખર્ચની રકમ રૂા.૨,૦૦૧/- જમા કરાવી દીધેલ છે. પરંતુ સામાવાળા નં.૧ નાએ અરજદારે ખર્ચેલ મેડીકલ ખર્ચની રકમ રૂા.૧૧,૨૩૦/- ની રકમ સમય મર્યાદા પુરી થઈ હોવા છતાં ચુકવેલ નથી કે નામદાર કોર્ટમાં જમા કરાવેલ નથી. ઉપરોકત સંજોગોમાં સબંધીત કાયદાની કલમ–૩૧ હેઠળ કમિશ્નરશ્રીને રેવન્યુ રાહે ઉપરોકત રકમ વસુલ કરવા સતા આપવામાં આવેલ છે. જેથી આ કામના સામાવાળા સામે રકમ રૂા.૧૧,૨૩૦/- ની રકમ રેવન્યુ રાહે વસુલાત કરી આપવા હુકમ કરવા તથા આ અરજીનો ખર્ચ રૂા.૫,૦૦૦/- અપાવવા દાદ માંગેલ છે.

અરજદારે તેની અરજી સાથે સોગંદનામું રજુ રાખેલ છે.

૨ : સામાવાળાને તા.૯–૧૦–૧૭ ના રોજ રજી.એ.ડી.થી નોટીસ મોકલવામાં આવેલ હતી. જે આંક–૩ ની એ.ડી.સ્લીપ મુજબ સામાવાળાને બજી ગયેલ છે. આમ છતાં સામાવાળા જાતે કે કોઈ પ્રતિનિધી મારફત કોર્ટ સમક્ષ હાજર થયેલ નથી કે કોઈ જવાબ રજુ કરેલ નથી. જેથી આંક–૪ ની અરજી નીચે હુકમ કરી સામાવાળાનો જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે.

૩ : આ કામે અરજદાર તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

**<u>અરજદાર તરફે મૌખિક પુરાવો</u>** :-

| | | |
|---|---|---|
| ૧. | અરજદાર અરવિંદ ઉર્ફે કલ્પેશ પોપટભાઈ પરમારની સોગંદઉપરની જુબાની | આંક-૫ |

**<u>અરજદાર તરફે દસ્તાવેજી પુરાવો</u>** :-

૧. વ.કો. નોન ફેટલ અરજી નં.૧૦/૧૪ ના હુકમની નકલ તા.૨-૫-૧૭ માર્ક-૪/૧

**<u>સામાવાળા તરફે પુરાવો</u>** :-

સામાવાળા તરફે આ કામે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી.

૪ : આ કામે અરજદારના વિદ્વાન વકીલશ્રીએ મારી સમક્ષ અરજી મુજબ મૌખિક દલીલ કરેલ છે, અને વધુમાં જણાવેલ છે કે, સામાવાળા માલિકે નામ.કમિશ્નરના હુકમ મુજબ મેડીકલ ખર્ચની રકમ ચુકવેલ નથી, જે હકીકતને અરજદારે આંક-૫ ના સોગંદનામાથી સમર્થન આપેલ છે. જેની કોઈ ઉલટ તપાસ કરી સામાવાળાએ તેને પડકારેલ નથી. તેમજ સામાવાળાને આ કામે નોટીસ બજવા છતાં કોર્ટ સમક્ષ હાજર રહેલ નથી અને નામ.કોર્ટે મુળ વ.કો. નોન ફેટલ અરજી નં.૧૦/૧૪ ના કામે તા.૨-૫-૧૭ ના રોજ આપેલ હુકમને સામાવાળાએ હાઈકોર્ટમાં પડકારેલ નથી. જે આંક-૭ ની પુરશીષથી અરજદારે જાહેર કરેલ છે. આ સંજોગોમાં સામાવાળા સામે અરજીમાં માંગ્યા મુજબનું રીકવરી સર્ટીફીકેટ કાઢી આપવું જોઈએ.

જયારે સામાવાળા તરફે કોઈ દલીલ સમયે હાજર રહેલ ન હોય,આ કામ ન્યાયના હીતમાં હુકમ ઉપર લેવામાં આવેલ છે.

૫ : આ કામમાં કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત કરવામાં આવેલ છે.

**<u>મુદા :-</u>**

૧. શું અરજદાર સાબીત કરે છે કે, તેઓ અરજીમાં જણાવ્યા મુજબ મેડીકલ ખર્ચની રકમ રૂા.૧૧,૨૩૦/- તથા અરજીનું ખર્ચ સામાવાળા પાસેથી મેળવવા હકકદાર થાય છે?

૨. શું અરજદારને માંગ્યા મુજબનું રીકવરી સર્ટીફીકેટ સામાવાળા વિરૂઘ્ઘ કાઢી આપવું જોઈએ?

૩. શું હુકમઃ

૬ : ઉપરોકત મુદાઓમાં હવે પછી જણાવ્યા કારણોસર મારા નિર્ણયો નીચે મુજબ છે.

**<u>નિર્ણય :-</u>**

૧. હકારમાં,

૨. હકારમાં,

૩. આખરી હુકમ મુજબ.

**<u>- : કા ર ણો : -</u>**

૭ : **<u>મુદા નં.૧ :-</u>**

આંક-૧ ની અરજી વંચાણે લેતાં અરજદારને સામાવાળાની નોકરીની ફરજ બજાવતાં દરમ્યાન અકસ્માત થતાં થયેલ ગંભીર ઈજાના કારણે કાયમી આંશીક ખોડ રહી જવા પામેલી. જેના વળતરની રકમ મેળવવા માટે અરજદારે વ.કો. નોન ફેટલ અરજી નં.૧૦/૧૪ થી અત્રે દાખલ કરેલી. જે અરજીનું કામ ચાલી જતાં, તા.૨-૫-૧૭ના રોજ કમિશ્નર દ્વારા હુકમ કરી વળતરની રકમ રૂા.૧,૦૦,૯૩૩/- તથા ખર્ચની રકમ રૂા.૨,૦૦૧/- માલિક અને વિમા કંપનીએ સંયુકત અને વિભકત રીતે અરજદારને ચુકવવાનો તથા મેડીકલ ખર્ચની રકમ રૂા.૧૧,૨૩૦/- સામાવાળા માલિકે અરજદારને ચુકવવાનો હુકમ થયેલો. આ રકમ સામાવાળાએ ૩૦ દિવસમાં અત્રે જમા કરાવવાની હતી. જે હુકમની નકલ આ કામે અરજદારે માર્ક-૪/૧ થી રજુ રાખેલ છે.

જે પૈકી સામાવાળા નં.ર વિમા કંપની દ્વારા વળતરની રકમ તથા અરજી ખર્ચની રકમ જમા કરવામાં આવેલ છે. પરંકતુ હાલના સામાવાળા માલિક દ્વારા હુકમ મુજબની મેડીકલ ખર્ચની રકમ રૂા.૧૧,૨૩૦/- જમા કરાવવામાં આવેલ નથી. જેથી સદરહુ રકમ રૂા.૧૧,૨૩૦/- નું રીકવરી સર્ટીફીકેટ હાલના સામાવાળા સામે કાઢી આપવા અરજદારે દાદ માંગેલ છે.

આ કામે સામાવાળાને જવાબ રજુ કરવા નોટીસ મોકલાવેલ, જે રજી.એ.ડી. સ્લીપ મુજબ બજી ગયેલ છે, આમ છતાં સામાવાળાએ કોર્ટની નોટીસની ગંભીરતા ધ્યાને લઈ કોર્ટ સમક્ષ જાતે કે પ્રતિનિધી મારફત હાજર થયેલ નથી કે અરજદારની અરજી વિરૂધ્ધ કોઈ જવાબ રજુ કરેલ નથી કે હુકમ મુજબની રકમ કોર્ટમાં જમા કરાવેલ નથી.

આ કામે સામાવાળાએ ઉપરોકત હુકમને નામ.હાઈકોર્ટમા પડકારેલ નથી તેમ અરજદારે આંક-૭ થી પુરશીષ આપી જાહેર કરેલ છે, તેમજ તેવું કોઈ રેકર્ડ આ કામે રજુ થયેલ નથી. આંક-૫ થી અરજદકારે સોગંદનામું રજુ કરી અરજીની હકીકતોને સમર્થન આપેલ છે અને સામાવાળા માલિકે તેઓને મેડીકલ ખર્ચની રકમ આજદિન સુધી ચુકવેલ નહીં હોવાનું સોગંદઉપર જાહેર કરેલ છે. આ સોગંદનામાની હકીકતોને સામાવાળા દ્વારા ઉલટતપાસ કરી ચેલેન્જ કરવામાં આવેલ નથી, જેથી તે નહીં માનવાને કોઈ કારણ નથી. આ સંજોગોમાં અરજદારની સામાવાળા પાસે અરજીમાં જણાવ્યા મુજબ મેડીકલ ખર્ચની રકમ રૂા.૧૧,૨૩૦/- સામાવાળા માલિક પાસે લેણી નીકળતી હોવાનું સાબીત થાય છે જે રકમ અરજદાર મેળવવા હકકદાર થાય છે. તેમજ કોર્ટના હુકમ છતાં સામાવાળાએ આ રકમ ચુકવેલ ન હોય કે કોર્ટમાં જમા કરાવેલ ન હોય તેથી અરજદારે હાલની અરજી કરવા ફરજ પડેલ હોય અને પોતાના હકકોના નાણાં મેળવવામાં વિલંબ થયેલ હોય અને હાલની અરજી દાખલ કરવી પડેલ હોય, જે તમામ સંજોગોમાં હાલની અરજી ખર્ચ સહીત મંજુર કરવી ઉપરોકત સંજોગોમાં અદાલતને યોગ્ય જણાય છે. જેથી આ અરજીનો ખર્ચ રૂા.૫,૦૦૦/- પણ અરજદારને અપાવવો ઉચીત ન્યાયી અને વ્યાજબી જણાય છે. તેથી મુદા નં.૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

૮: **<u>મુદા નં.૨ :</u>-**

મુદા નં.૧ માં ચર્ચા કર્યા અનુસાર મુળ વ.કો. નોન ફેટલ અરજી નં.૧૦/૧૪ ના કામે થયેલ હુકમ અનુસાર અરજદાર સામાવાળા માલિક પાસેથી રકમ રૂા.૧૧,૨૩૦/- મેળવવા હકકદાર થાય છે, જે રકમ સામાવાળાએ અત્રેની કોર્ટ સમક્ષ જમા કરાવેલ નથી કે ૩૦ દિવસમાં અરજદારને પણ ચુકવેલ નથી, કે તે હુકમ સામે કોઈ અપીલ આજદિન સુધી નામ.હાઈકોર્ટમા કરેલાનું રેકર્ડ જોતાં જણાતું નથી. જેથી ઉપરોકત રકમ વસુલ કરવા માટે અરજદારને હાલની અરજી કરવી પડેલ હોય, આ અરજીના ખર્ચ રૂા.૫,૦૦૦/- સહીતનું રીકવરી સર્ટીફીકેટ સામાવાળા વિરૂધ્ધ ઈસ્યુ કરી આપવાનું ઉચીત અને ન્યાયી જણાય છે. જેથી મુદા નં.૨ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

૯: **<u>મુદા નં.૩ :-</u>**

ઉપરોકત મુદા નં.૧ અને ૨ ની કરેલ ચર્ચા, કેસ રેકર્ડ, અરજદાર તરફે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો તથા કાયદાકીય જોગવાઈ ધ્યાને લઈ આ કામે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-: **હુ ક મ** :-

(૧) અરજદારની હાલની પરચુરણ અરજી નં.૧૮/૧૭ મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના સામાવાળા માલિક સરસ્વતી ઈન્ડસ્ટ્રીઝ, ગોંડલની વિરૂધ્ધમાં રકમ રૂા.૧૧,૨૩૦/- (અંકે રૂપિયા અગીયાર હજાર બસ્સો ત્રીસ) તથા આ અરજીનો ખર્ચ રૂા.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર) મળી કુલ રૂા.૧૬,૨૩૦/- (અંકે રૂપિયા સોળ હજાર બસ્સો ત્રીસ) નું રીકવરી સર્ટીફીકેટ કાઢી આપવું, અને સક્ષમ ઓથોરીટીને વસુલાત માટે તુર્તજ મોકલી આપવું. સદર ઓથોરીટીએ નાણા વસુલ થયેથી અત્રેના વર્કમેન કમિશ્નર સમક્ષ જમા કરાવવા, તેવો આથી હુકમ કરવામાં આવે છે.

રાજકોટ (જસવંતભાઈ ગુણવંતભાઈ બ્રહ્મભટ)

તારીખ : ૩૧/૦૧/૨૦૧૮ જીજે-૦૦૭૮૭

કમિશનર,

કર્મચારી વળતર ધારા,

જે.એન.પંડયા મજુર અદાલત નં.૩, રાજકોટ.